©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVII] FRIDAY, 24th JULY, 2026/SRAVANA 02, 1948 [No. 5745

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-II EXTRAORDINARY

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
નગર વિકાસ ખાતુ, મધ્યસ્થ કચેરી,

અધિસુચના

અ.મ્યુ.કો હદ વિસ્તારમાં Good Construction Practices Policy અનુસંધાને હયાત બાંધકામ દુર(Demolish) કરવાની કામગીરીની કાર્યપધ્ધતિ બાબતે મુસદ્દારૂપ માર્ગદર્શિકા/ કાર્યપધ્ધતિ(SOP) બાબતનો મુસદ્દો પ્રસિધ્ધ કરવા અંગે

ક્રમાંક : TDO/CO/POLICY/01/2026.–અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હદ વિસ્તારમાં હયાત બાંધકામ દુર (Demolish) કરવાની કામગીરી શરૂ કરતા અગાઉ તથા દુર કરવાની કામગીરી દરમિયાન આજુબાજુની મિલકતો તથા જાહેર સલામતી સંદર્ભે તકેદારીના ભાગરૂપે અનુસરવાની થતી કાર્યપધ્ધતિ મુજબ જરૂરી પગલાં લેવા બાબતે અ.મ્યુ.કો.ના નગર વિકાસ ખાતા દ્વારા મુસદ્દારૂપ માર્ગદર્શિકા/ કાર્યપધ્ધતિ(SOP) તૈયાર કરવામાં આવેલ છે.

ધી જી.પી.એમ.સી. એક્ટ-૧૯૪૯ની કલમ-૪૬૦ હેઠળ અ.મ્યુ.કો. હદ વિસ્તારમાં આવેલ હયાત બાંધકામ દુર (Demolish) કરવાની કામગીરી શરૂ કરતા અગાઉ તથા દુર કરવાની કામગીરી દરમિયાન આજુબાજુની મિલકતો તથા જાહેર સલામતી સંદર્ભે તકેદારીના ભાગરૂપે મુસદ્દારૂપ માર્ગદર્શિકા/ વિનિયમો/કાર્યપધ્ધતિની દરખાસ્તને જાહેરજનતાના વાંધા/ સૂચનો મેળવવા માટે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે.

ઉપરોક્ત અ.મ્યુ.કો. હદ વિસ્તારમાં આવેલ હયાત બાંધકામ દુર (Demolish) કરવાની કામગીરી શરૂ કરતા અગાઉ તથા દુર કરવાની કામગીરી દરમિયાન આજુબાજુની મિલકતો તથા જાહેર સલામતી સંદર્ભે તકેદારીના ભાગરૂપે મુસદ્દારૂપ માર્ગદર્શિકા/ કાર્યપધ્ધતિ(SOP)ની અધિસુચના સરકારશ્રીના રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયેલ મુસદ્દાની એક નકલ નગર વિકાસ ખાતુ, મધ્યસ્થ કચેરી, ત્રીજો માળ, બ્લોક બી, સરદાર પટેલ ભવન, દાણાપીઠ, અમદાવાદ ખાતે કચેરીના કામકાજના દિવસોએ કચેરીના સમય દરમ્યાન જાહેરજનતાને જોવા સારૂ ખુલ્લી મુકવામાં આવેલ છે. સદર મુસદ્દારૂપ માર્ગદર્શિકા/ કાર્યપધ્ધતિ(SOP)ની મુસદ્દો રાજય સરકારશ્રીના અસાધારણ રાજયપત્ર(ગેઝેટ)માં પ્રસિધ્ધ થયેથી ૩૦(ત્રીસ) દિવસની સમયમર્યાદામાં હયાત બાંધકામ દુર (Demolish) કરવાની કામગીરી શરૂ કરતા અગાઉ તથા દુર કરવાની કામગીરી દરમિયાન આજુબાજુની મિલકતો તથા જાહેર સલામતી સંદર્ભે તકેદારીના ભાગરૂપે મુસદ્દારૂપ માર્ગદર્શિકા/ કાર્યપધ્ધતિ(SOP)ના સંબંધમાં લેખિત વાંધા અને/ અથવા સુચનો નગર વિકાસ અધિકારીશ્રી, નગર વિકાસ ખાતુ, મધ્યસ્થ કચેરી ખાતે લખી જણાવશો તો તે લેખિત વાંધા/ સૂચનો માટેની માર્ગદર્શિકા/ વિનિયમો/ કાર્યપધ્ધતિનો મુસદ્દો ધી જી.પી. એમ.સી. એક્ટ-૧૯૪૯ની કલમ-૪૬૧ હેઠળ સક્ષમસત્તાની મંજુરી અર્થે સાદર કરતા પહેલા ગુણવત્તાના ધોરણે વિચારણામાં લેવામાં આવશે, તેની તમામ/ લાગતાવળગતા/સર્વેએ નોંધ લેવા વિનંતી છે.

સહી/- અવાચ્ય
મ્યુનિસિપલ કમિશનર
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2026.07.27 15:23:47 IST